દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૨૧ જૂન, ૨૦૨૬

# સાંસદો તોડવા માટે ભાજપ નહીં અન્ય પક્ષના નેતાઓની ધૃતરાષ્ટ્ર જેવી ભૂમિકા જવાબદાર છે

બાળાસાહેબ ઠાકરેના પુત્ર અને ઉદ્ધવના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેએ 2005માં શિવસેનાથી અલગ થવાનો નિર્ણય લીધો અને ત્યારબાદ 2006માં પોતાની પાર્ટી, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ની સ્થાપના કરી. 18 ડિસેમ્બર, 2005ના રોજ, રાજ ઠાકરેએ મુંબઈના શિવાજી પાર્ક જીમખાના ખાતે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં શિવસેનાથી અલગ થવાની જાહેરાત કરી.આ પત્રકાર પરિષદમાં બોલતા રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે તેમણે માન-સન્માન માંગ્યું હતું પરંતુ અપમાન સિવાય કંઈ મળ્યું નહીં. હકીકતમાં, રાજ ઠાકરેને શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેના રાજકીય વારસદાર માનવામાં આવતા હતા, કારણ કે તેમની પાસે તેમના કાકા જેવું જ પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું. વધુમાં, તેઓ ઉદ્ધવ ઠાકરે કરતાં શિવસેનામાં વધુ સક્રિય હતા.

તૃણમૂલ કોંગ્રેસને નંદીગ્રામ ચળવળે સત્તા અપાવી દીધી હતી. હવે શુભેન્દુ અધિકારીની વાત કરીએ તો 2007માં તેમણે નંદીગ્રામમાં જમીન સંપાદન વિરોધી ચળવળનું નેતૃત્વ કર્યું હતુ તેમજ તેમણે ભૂમિ ઉચ્છેદ પ્રતિરોધ સમિતિનું નેતૃત્વ કર્યું હતું. પશ્ચિમ બંગાળમાં શાસક ડાબેરી મોરચાની સરકારે ખાસ આર્થિક ક્ષેત્ર સ્થાપવા માટે ગામમાં 10,000 એકર જમીન સંપાદન કરવાની યોજના બનાવી હતી. તેના વિરોધે ચળવળે મમતા બેનર્જીને બંગાળી રાજકારણના કેન્દ્રમાં લાવી દીધા હતા. નંદીગ્રામમાં અધિકારીની સફળતા પછી, બેનર્જીએ તેમને જંગલ મહલ એટલે કે પશ્ચિમ મેદિનીપુર, પુરુલિયા અને બાંકુરા જિલ્લાઓના પક્ષના પ્રભારી) બનાવ્યા હતા અહીં તેમણે તૃણમુલ કોંગ્રેસને મજબૂત કરવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. 2009માં તેઓ તામલુક મતવિસ્તારમાંથી લોકસભા માટે ચૂંટાયા હતા. તેમણે તેમના નજીકના હરીફ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના લક્ષ્મણ સેઠને લગભગ 173,000 મતોના માર્જિનથી હરાવ્યા હતાં.

૨૦૧૬ ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં અધિકારી નંદીગ્રામ મતવિસ્તારમાં ડાબેરી મોરચા - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ગઠબંધનના અબ્દુલ કાદિર શેખ સામે ઉભા રહ્યા હતા. ચૂંટાયા પછી, તેમણે તામલુક મતવિસ્તારમાંથી સાંસદ તરીકે રાજીનામુ આપ્યું હતુ અને ૨૭ મે ૨૦૧૬ ના રોજ બીજા મમતા બેનર્જી મંત્રાલયમાં પરિવહન મંત્રી તરીકે શપથ લીધા

અધિકારીએ 26 નવેમ્બર 2020 ના રોજ પશ્ચિમ બંગાળ સરકાર હેઠળની એક વૈધાનિક સંસ્થા, હુગલી રિવર બ્રિજ કમિશન (HRBC) ના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે 27 નવેમ્બર 2020 ના રોજ પશ્ચિમ બંગાળ પરીવહન મંત્રી તરીકે પણ રાજીનામુ આપ્યા બાદ 16 ડિસેમ્બર 2020 ના રોજ પશ્ચિમ બંગાળ વિધાનસભાના અધ્યક્ષને ધારાસભ્ય તરીકે રાજીનામુ આપ્યું હતું જે શરૂઆતમાં સ્પીકરે તકનીકી કારણોસર સ્વીકાર્યું ન હતું.

જોકે, આખરે 21 ડિસેમ્બર 2020 ના રોજ તે સ્વીકારવામાં આવ્યું હતું. 17 ડિસેમ્બર 2020 ના રોજ તેમણે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, તેઓ ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ ગયા હતા. અધિકારીનું પક્ષપલટો મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જી સાથેની તેમની દુશ્મનાવટને કારણે હોવાનું કહેવાય છે , જેમને તેમના વારસદાર તરીકે તૈયાર કરવામાં આવી રહ્યા હતા. [ 34 ]તૃણમૂલ કોંગ્રેસમાં તેમના પ્રભાવને કારણે વધુ પક્ષપલટો થયો, અને તેમના ઘણા અનુયાયીઓ પાછળથી ભાજપમાં જોડાયા હતાં તેમણે 2021 ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં નંદીગ્રામ વિધાનસભા બેઠક પર પશ્ચિમ બંગાળના વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનર્જીને 1,956 મતોથી હરાવ્યા હતા. મમતા બેનર્જીએ નંદીગ્રામના ચુકાદાને પડકારતી કલકત્તા હાઈકોર્ટમાં ચૂંટણી અરજી દાખલ કરી છે.

ખરેખર તો મમતા બેનર્જી પછી તૃણમુલના વારસદાર તરીકેનો હક તેમનો હતો પરંતુ તૃણમુલ પક્ષ નહીં કોઇ પેઢી હોય તેમ મમતા બેનર્જીએ વારસદાર તરીક તેમના ભત્રીજા પર પસંદગી ઉતારી આ એક અન્યાય જ હતો. ભારત માટે આ નવી વાત નથી. મહાભારત કાળથી શરુ થયેલો આ સીલસીલો આધુનિક ભારતમાં પણ યથાવત રહ્યો છે. મહાભારત પરથી શીખ લેવાને બદલે અત્યારના જુદા જુદા પક્ષના સુપ્રીમનેતા ધૃતરાષ્ટ્રને જ અનુસરી રહ્યાં છે. પાંડુ પુત્ર યુધિષ્ઠીર જ હસ્તિનાપુરની ગાદીના અસલ હકદાર હતા પંરતુ ધૃતરાષ્ટ્રના પુત્ર પ્રેમને કારણે તેમને અન્યાય થયો અને અંતે મહાભારત સર્જાયું. અત્યારે જે રીતે રાજકારણમાં પક્ષ પલટો થઇ રહ્યો છે તેમાં ભાજપનો કોઇ જ વાંક નથી. વાંક છે પુત્ર પ્રેમનો. જેઓ પક્ષના અસલ વારસદાર છે તેમનું સ્થાન નજીકના સગાને આપવામાં આવે છે એટલે અન્યાયના કારણે પક્ષ પલટા થઇ રહ્યાં છે. અત્યારે સમગ્ર દેશમાં એક ચર્ચા ચાલી રહી છે કે ભારતીય જનતા પાર્ટી સાંસદો તોડવા માટે જવાબદાર છે. એ એક રાજકીય પક્ષ છે અને તે સ્થિતિ મજબૂત કરવા માટે જે કંઇ કરે તેમાં ખોટુ કંઇ નથી. ભાજપ ભાજપ માટે નહીં કરે તો શું કોંગ્રેસ માટે કરશે? સમાજવાદી પાર્ટીના મુલાયમસિંહે પણ પાર્ટીના વારસદાર તરીકે પુત્ર ઉપર જ પસંદગી ઉતારી છે તો માયાવતીએ પણ ભત્રીજાને જ પ્રાધાન્ય આપ્યું છે.

## કોઇ દુઃખ નથી



એક ઝેનગુરુ ખુબ જ લોકપ્રિય હતા, તેઓ ગામ ગામ ફરતા રહેતા; ન તેમનો કોઈ આશ્રમ હતો... ના કોઈ શિષ્યો... હંમેશા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય,જે મળે તે ખાય અને જે કોઈ કઈ પણ પૂછે એક શબ્દમાં જ જવાબ આપે ન વધુ બોલવું... ન કઈ પૂછવું

એક દિવસ તેમને મળવા તેમનો બાળપણનો મિત્ર આવ્યો, મિત્રે પોતાની ઓળખાણ આપી પૂછ્યું, 'દોસ્ત કેમ છે ?' ઝેનગુરુ બોલ્યા, 'મજા માં' દોસ્તે આગળ પૂછ્યું, 'મને નહિ પૂછે હું કેમ છું ?' ઝેનગુરુ બોલ્યા, 'ના'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દોસ્તને નવાઈ લાગી કે આવો કેવો જવાબ છતાં તેને આગળ કહ્યું, 'બીજા ઝેન માસ્તરના તો આશ્રમો છે કેટલા બધા શિષ્યો છે અને તું આમ એક ગામ થી બીજે ગામ ફરે છે તેનું તને દુઃખ નથી?' ઝેનગુરુએ હસીને કહ્યું, 'ના'

મિત્રને જાણે વિશ્વાસ ન થતો હોય તેમ તેણે ફરી પૂછ્યું, 'સાચે તને કોઈ દુઃખ નથી કે હજી તારો આશ્રમ નથી બન્યો.' ઝેનગુરુએ કહ્યું, 'ના'

મિત્રે કહ્યું, 'તું ભલે ઝેનગુરુ બની ગયો હોય પણ હું તારો બાળપણનો મિત્ર છું તું તારા સુખ દુઃખની વાત મને કરી શકે છે તને કોઈ મદદ જોઈતી હોય આશ્રમ માટે ભંડોળ જોઈએ છે તો હું આપી શકું છું.'

ઝેનગુરુએ ફરી કહ્યું, 'મને કોઈ દુઃખ નથી.' મિત્ર બોલ્યો, 'આ કઈ રીતે શક્ય છે કે કોઈ દુઃખ નથી.'

ઝેનગુરુએ કહ્યું, 'બરાબર સાંભળી લે અને સમજી લે કે મને કોઈ દુઃખ નથી કારણ કે મને જીવનમાં કોઈના તરફથી કોઈ અપેક્ષા નથી ...બીજા કોઈ તો ઠીક મને મારી પોતાની જાત તરફ પણ કોઈ અપેક્ષા નથી ..મને જીવન પ્રત્યે પણ કોઈ આશા અપેક્ષા નથી...મારા મનમાં કોઈ પાસેથી કઈ મેળવી લેવાની ,જીવનમાં કઈ મેળવી લેવાની કોઈ ભાવના જ નથી એટલે મને ક્યારેય કોઈ દુઃખ થતું જ નથી. જેને કોઈ પાસેથી કોઈ આશા અપેક્ષા જ ન હોય તેને કોઈ દુઃખી કરી જ ન શકે.' ઝેનગુરુએ પહેલીવાર લાંબો જવાબ આપી પોતાની વાત સમજાવી. ઝેનગુરુ જેવી ઉચ્ચતમ કક્ષાએ પહોંચવું તો અશક્ય લાગે પણ હા જીવનમાં સુખી થવું હોય અને દુઃખી ન થવું હોય તો અપેક્ષાઓ ઓછી કરો.

# અમેરિકા-ઈરાન સમજૂતી : વિશ્વ માટે રાહત, ભારત માટે તક અને ઇઝરાયેલ માટે ચિંતાનો વિષય

## વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**વર્ષોથી પરસ્પર અવિશ્વાસ, પ્રતિબંધો, ધમકીઓ અને સૈન્ય અથડામણોની પૃષ્ઠભૂમિ ધરાવતા બે દેશો વચ્ચે સંવાદ અને સમાધાનનો માર્ગ ખુલવો વિશ્વ માટે આશાસ્પદ ઘટના છે**

જિયોપોલિટિક્સમાં કેટલીક ઘટનાઓ એવી હોય છે જે માત્ર બે દેશો વચ્ચેના સંબંધોનો વિષય રહેતી નથી, પરંતુ સમગ્ર વિશ્વના આર્થિક, વ્યૂહાત્મક અને રાજકીય સમીકરણોને અસર કરતી હોય છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતી એવી જ એક ઘટના છે. વર્ષોથી પરસ્પર અવિશ્વાસ, પ્રતિબંધો, ધમકીઓ અને સૈન્ય અથડામણોની પૃષ્ઠભૂમિ ધરાવતા બે દેશો વચ્ચે સંવાદ અને સમાધાનનો માર્ગ ખુલવો વિશ્વ માટે આશાસ્પદ ઘટના છે.

મધ્યપૂર્વ માત્ર એક પ્રદેશ નથી; તે વિશ્વની ઊર્જા વ્યવસ્થાનું ધબકતું હૃદય છે. વિશ્વમાં વપરાતા કાચા તેલનો મોટો હિસ્સો આ પ્રદેશમાંથી આવે છે અને હોર્મુઝની ખાડી તેનું જીવનદ્વાર છે. જ્યારે પણ ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધે છે ત્યારે સૌથી પહેલાં તેની અસર તેલના બજારમાં જોવા મળે છે. તેલના ભાવમાં થતો વધારો માત્ર પેટ્રોલ પંપ સુધી મર્યાદિત રહેતો નથી; તે પરિવહન, ઉત્પાદન, કૃષિ, ઉદ્યોગ અને અંતે સામાન્ય નાગરિકના જીવનધોરણને અસર કરે છે.

જો હોર્મુઝની ખાડી જો લાંબો સમય બંધ રહેત તો વિશ્વ અર્થવ્યવસ્થા ગંભીર સંકટમાં સપડાઈ જાત. આ સંજોગોમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીનો માર્ગ ખુલવો વિશ્વ બજારો માટે રાહતના સમાચાર છે.

આ સમજૂતીનો સૌથી મોટો લાભ તે દેશોને થશે જે ઊર્જા આયાત પર નિર્ભર છે. ભારત એમાં અગ્રસ્થાને છે. તેલના ભાવમાં થતો દરેક વધારો ભારતના આયાત બિલ, વેપાર ખાધ અને મોંઘવારીને અસર કરે છે. તેથી મધ્યપૂર્વમાં શાંતિ અને સ્થિરતા ભારતના રાષ્ટ્રીય હિત સાથે સીધી રીતે સંકળાયેલી છે. આ સમજૂતીના પરિણામે તેલના ભાવ સ્થિર રહે અથવા તેમાં ઘટાડો થાય તે ભારત માટે લાભકારક છે. આયાત ખર્ચ ઘટશે, રૂપિયો મજબૂત બનશે, મોંઘવારી નિયંત્રણમાં રહેશે અને ઉદ્યોગોને સ્પર્ધાત્મક લાભ મળશે. સરકાર માટે વિકાસલક્ષી ખર્ચ વધારવાની તકો ઊભી થશે. આમ, મધ્યપૂર્વમાં શાંતિ ભારતના આર્થિક વિકાસ માટે સકારાત્મક પરિબળ બની શકે છે.

પરંતુ આ સમગ્ર ઘટનાક્રમનું બીજું એક મહત્વપૂર્ણ પાસું છે ઊર્જા સુરક્ષા. ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં સૌર ઊર્જા, પવન ઊર્જા અને ગ્રીન હાઈડ્રોજન જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમ છતાં, વર્તમાન સમયમાં તેલ અને ગેસનું મહત્વ યથાવત છે. આથી મધ્યપૂર્વમાં સ્થિરતા ભારતને પોતાની ઊર્જા વ્યૂહરચનાને વધુ મજબૂત બનાવવા માટે અનુકૂળ સમય પ્રદાન કરે છે. આ તકનો ઉપયોગ કરીને ભારતે ઊર્જા સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવું અને વ્યૂહાત્મક સંગ્રહ ક્ષમતા વધારવી જરૂરી છે.

આ સમજૂતીની સૌથી વધુ રાજકીય અસર કદાચ ઇઝરાયેલને થશે. ઇઝરાયેલ વર્ષોથી ઈરાનને પોતાના અસ્તિત્વ માટે સૌથી મોટો ખતરો ગણાવે છે. તેના મતે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, મિસાઈલ ક્ષમતા અને વિવિધ પ્રાદેશિક સંગઠનો સાથેના સંબંધો મધ્યપૂર્વની સ્થિરતા માટે જોખમરૂપ છે.

આ જ મુદ્દો અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે મતભેદનું કારણ બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુ લાંબા સમયથી નજીકના રાજકીય સહયોગી તરીકે જાણીતા છે. તેમ છતાં બંને દેશોના હિતો દરેક મુદ્દે એક સરખા હોય એવું જરૂરી નથી. અમેરિકાની પ્રાથમિકતા વૈશ્વિક બજારોમાં સ્થિરતા, ઊર્જા સુરક્ષા અને પોતાના નાગરિકોને આર્થિક રાહત આપવાની હોઈ શકે છે, જ્યારે ઇઝરાયેલની પ્રાથમિકતા સુરક્ષા અને ઈરાનની સૈન્ય ક્ષમતાને મર્યાદિત રાખવાની છે. આથી ભવિષ્યમાં ટ્રમ્પ અને નેતન્યાહુ વચ્ચેના સંબંધોમાં તણાવ ઊભો થવાની શક્યતા નકારી ન શકાય. અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ સંવાદ મધ્યપૂર્વને વધુ સ્થિર બનાવે તો તેનો લાભ માત્ર આ પ્રદેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને મળશે. ભારત માટે આ પ્રદેશની શાંતિ અને સ્થિરતા દેશના આર્થિક વિકાસને વેગ આપી શકે છે, પરંતુ સાથે જ ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા વધારવાના પ્રયાસો વધુ ઝડપથી આગળ વધારવાની જરૂરિયાત પણ યાદ અપાવે છે. પરંતુ હાલ માટે એટલું ચોક્કસ કહી શકાય કે વિશ્વે રાહતનો શ્વાસ લીધો છે.

# મોદી સરકાર વ્યાપક આર્થિક સુધારાઓ શા માટે કરી શકતી નથી?

## સમયાંતર
રામચંદ્ર ગુહા

**જાતિ, લિંગ, ધર્મ, પ્રદેશ અથવા રાજકીય વિચારધારા ભલે જે હોય, તમામ ભારતીયોના કલ્યાણ અને આર્થિક સુરક્ષામાં વધારો થવો જોઈએ**

છેલ્લા ઓછામાં ઓછા એક વર્ષથી સ્પષ્ટ હતું કે ભારતીય અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં ન હતી. રૂપિયો નબળો પડી રહ્યો હતો, મૂડી દેશમાંથી બહાર જઈ રહી હતી, ખાનગી સ્થાનિક રોકાણ પાછળ પડી રહ્યું હતું, વપરાશની માગ ધીમી હતી, ઉત્પાદન ક્ષેત્ર સ્થિર થઈ ગયું હતું અને સમૃદ્ધ તથા ઓછા સમૃદ્ધ લોકો વચ્ચેની આર્થિક અસમાનતા ઝડપથી વધી રહી હતી. આ અનેક પડકારોની સમજને કારણે વ્યાવસાયિક અર્થશાસ્ત્રીઓ દ્વારા સતત લેખો લખાઈ રહ્યા છે, જેમાં મોદી સરકારને સમસ્યાઓની ગંભીરતા સ્વીકારવા અને યોગ્ય સુધારા શરૂ કરવા અપીલ કરવામાં આવી રહી છે. યુદ્ધને કારણે વિદેશથી આવતી રકમ (રેમિટન્સ)માં પણ ઘટાડો થયો છે, જેના પરિણામે વિદેશી ચલણના ભંડારમાં વધુ ઘટાડો નોંધાયો છે. અર્થશાસ્ત્રીઓ જે સુધારા સૂચવે છે તેમાં કસ્ટમ, કરવેરા તંત્ર અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કામગીરીને ઓછી મનસ્વી અને ઓછી બદલો લેતી બનાવવી, આરોગ્ય અને શિક્ષણ પર સરકારી ખર્ચ વધારવો, શ્રમપ્રધાન ઉત્પાદનને પ્રોત્સાહન આપવું, રોકાણકારો માટે સમાન તકોનું વાતાવરણ ઊભું કરવું જેથી માત્ર થોડાક પસંદગીના ઉદ્યોગપતિઓ જ સૌથી નફાકારક પ્રોજેક્ટો ન મેળવે, ખાતર અને વીજળીની સબસિડી ઘટાડવી, ભાજપ શાસિત ન હોય તેવાં રાજ્યો સામેનો ભેદભાવ દૂર કરવો અને કેન્દ્ર સરકારના અર્થતંત્ર સંબંધિત મંત્રાલયોમાં કાર્યરત નબળું પ્રદર્શન કરનારાં રાજકારણીઓ તથા અધિકારીઓના સ્થાને વધુ સક્ષમ અને લાયક વ્યક્તિઓની નિમણૂક કરવી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. દેશના અગ્રણી નીતિ-અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી ભલામણોનો હેતુ જાતિ, લિંગ, ધર્મ, પ્રદેશ અથવા રાજકીય વિચારધારા ભલે જે હોય, તમામ ભારતીયોના કલ્યાણ અને આર્થિક સુરક્ષામાં વધારો કરવાનો છે. તેમનાં સૂચનોમાં હું મારા તરફથી એક વધુ મુદ્દો ઉમેરું છું -આપણાં હવા, પાણી, જમીન અને જંગલોના સતત થતા અવમૂલ્યનને રોકવાની જરૂરિયાત. પ્રશ્ન એ છે કે શું કેન્દ્ર સરકાર આ ભલામણોને સ્વીકારીને તેના પર અસરકારક રીતે અમલ કરશે? આ લેખકનું માનવું છે કે જો આ સરકારમાં ખરેખર મહત્ત્વ ધરાવતા બે વ્યક્તિઓ -વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ -ને પ્રેરિત કરતી બાબતો પર નજર કરીએ, તો જવાબ કદાચ 'ના'માં હશે. મારી સમજ પ્રમાણે વડા પ્રધાન ત્રણ મુખ્ય મહત્ત્વાકાંક્ષાઓથી પ્રેરિત છે. પ્રથમ, શક્ય તેટલો લાંબો સમય સત્તામાં રહેવું અને તે માટે જરૂરી હોય તેવા કોઈ પણ રસ્તા અપનાવવા. તેઓ પોતે જ પક્ષના 'માર્ગદર્શક મંડળ'માં મોકલવા માટે જે 75 વર્ષની નિવૃત્તિ વયનું ધોરણ નક્કી કર્યું હતું તે વય પાર કરી ચૂક્યા છે. તેમ છતાં, ઉંમર વધવા અને ઊર્જા ઘટવા છતાં તેઓ સત્તા છોડવાના કોઈ સંકેત આપતા નથી. મોદીની બીજી મહત્ત્વાકાંક્ષા તેમના વ્યક્તિત્વની પૂજાને વધુ મજબૂત બનાવવાની છે. તેમના વ્યક્તિત્વને ચમકાવવા માટે વિશાળ પ્રમાણમાં જાહેર નાણાં ખર્ચવામાં આવ્યા છે. વડા પ્રધાનનો અહંકાર અસીમિત છે. તેઓ હંમેશા લોકાના ધ્યાનના કેન્દ્રમાં રહેવા માંગે છે અને જ્યાં જાય ત્યાં લોકો તેમની પ્રશંસા કરે અને પૂજા કરે તેવી તેમની ઈચ્છા છે. મોદીની ત્રીજી મહત્ત્વાકાંક્ષા હિંદુ રાષ્ટ્રની સ્થાપના કરવાની છે -ભલે તે કાયદેસર રીતે હોય કે હકીકતમાં. 2014માં તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ' માટે કામ કરવાની વાત કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ તે વિચારને તેમણે પાછળ મૂકી દીધો. હવે તેઓ પોતાને માત્ર હિંદુઓના નેતા તરીકે રજૂ કરે છે. અયોધ્યાના રામ મંદિરના ઉદ્ઘાટનમાં તેમની મુખ્ય ભૂમિકા અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠને લઈને થયેલા વિશાળ પ્રચાર અભિયાન આ બાબતનાં ઉદાહરણો છે. મોદી અને શાહ તેમની રાજકીય સત્તાને જાળવી રાખવા અને વિસ્તૃત કરવા માટે અત્યંત આગ્રહી છે. અત્યાર સુધી તેઓએ આ હેતુ ચાર પરસ્પર જોડાયેલા માર્ગોથી હાંસલ કર્યો છે. પ્રથમ, એકીકૃત હિંદુ મતબેંકનું નિર્માણ કરીને. જો હિંદુઓમાં પૂરતો ભય ઊભો કરવામાં આવે કે તેઓ મુસ્લિમ લઘુમતીથી ઘેરાઈ જશે, તો લગભગ 60 ટકા હિંદુઓ ભાજપને મત આપે છે, જે પ્રથમ-પાસ્ટ-ધ-પોસ્ટ ચૂંટણી પદ્ધતિમાં જીત માટે પૂરતું બને છે. બીજું, મહિલાઓ અને ખેડૂતો જેવા વર્ગોને નિયમિત નાણાંકીય સહાય આપવી, જેથી મતદારોને લાગે કે "કુછ તો મિલ રહા હૈ", એટલે કે સરકાર કંઈક તો આપી રહી છે. ત્રીજું, ચૂંટણી પંચ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી જાહેર સંસ્થાઓ પર કબજો કરીને તેનો રાજકીય ઉપયોગ કરવો. ચોથું, પસંદગીના ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપવું, જે બદલામાં ભાજપને ઉદાર આર્થિક સહયોગ આપે છે. આ લેખ આર્થિક સંકટથી પ્રેરિત હોવાથી છેલ્લી બાબત અંગે થોડું વધુ કહેવું યોગ્ય રહેશે. ભારત સરકારના એક ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકારે ભારતમાં '2A મોડેલ ઓફ સ્ટિગ્મેટાઈઝ્ડ કેપિટલિઝમ'નો ઉલ્લેખ કર્યો હતો. અમેરિકાના એક વેપાર પ્રતિનિધિએ પોતાનાં સ્મરણોમાં લખ્યું હતું કે ભારત સાથેના અનુભવના આધારે તેમને લાગતું હતું કે દેશને 15 ઉદ્યોગપતિઓ ચલાવે છે. જો કે, એક ભારતીય મિત્રે તેમને સુધારીને કહ્યું હતું કે ખરેખર માત્ર સાત જ લોકો પાસે વાસ્તવિક પ્રભાવ છે. સંખ્યા 2 હોય, 7 હોય કે 15 -હકીકત એ છે કે મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ જ ભારતમાં મૂડીવાદના લાભોમાં અસંગત રીતે વધારે હિસ્સો મેળવે છે. જૂન 2013માં કોંગ્રેસ કેન્દ્રમાં તથા 14 રાજ્યોમાં સત્તામાં હતી, જ્યારે ભાજપ માત્ર 4 રાજ્યોમાં સત્તામાં હતી. તેર વર્ષ પછી ભાજપ સતત ત્રણ લોકસભા ચૂંટણી જીતી ચૂકી છે અને હવે 22 રાજ્યોમાં સત્તામાં છે, જ્યારે કોંગ્રેસ માત્ર 5 રાજ્યોમાં સીમિત છે. આ અસાધારણ પરિવર્તન એક તરફ કોંગ્રેસના નબળા નેતૃત્વનું પરિણામ છે, તો બીજી તરફ મોદી-શાહ ભાજપે વિકસાવેલા જીતના સૂત્રનું પરિણામ છે -હિંદુત્વ, સહાય યોજનાઓ, સમાધાન પામેલી સંસ્થાઓ અને પક્ષપાતી મૂડીવાદ.

આ દરમિયાન અર્થવ્યવસ્થા નબળું પ્રદર્શન કરતી જ રહી છે. જો ગલ્ફ યુદ્ધ ચાલુ રહેશે અને તેલના ભાવ વધુ વધશે તો અર્થવ્યવસ્થા વધુ ખરાબ ચક્રમાં ફસાઈ શકે છે. આવી સ્થિતિમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા સૂચવાયેલા રચનાત્મક સુધારા અત્યંત મહત્ત્વપૂર્ણ અને તાત્કાલિક બની જાય છે. પ્રશ્ન એ છે કે શું સરકાર પાસે તેને અમલમાં મૂકવાની ઈચ્છા કે રાજકીય મનોબળ છે?

નરેન્દ્ર મોદી અને અમિત શાહ વિશે આપણે જે જાણીએ છીએ તેના આધારે વિચારીએ તો પક્ષપાતી મૂડીવાદ છોડીને રોકાણ માટે ખુલ્લી સ્પર્ધા ઊભી કરવી, જાહેર સંસ્થાઓને વધુ કાર્યક્ષમ અને નિષ્પક્ષ બનાવવી, લાંબા સમયના વફાદારોના સ્થાને ટેકનિકલ નિષ્ણાતોની નિમણૂક કરવી અને હિંદુત્વવાદી તત્ત્વો દ્વારા વારંવાર કાયદાના શાસનને નુકસાન ન પહોંચે તેની ખાતરી કરવી -આ બધું તેમના રાજકીય કે વ્યક્તિગત હિતમાં કેવી રીતે કામ કરશે?

હું તે અર્થશાસ્ત્રીઓની પ્રશંસા કરું છું જેમણે સુધારાની જરૂરિયાત અંગે અસરકારક રીતે લખ્યું છે. તેમણે મહત્ત્વપૂર્ણ જાહેર ફરજ નિભાવી છે, ભલે તેમની સમજદાર ભલામણો કદાચ બહેરા કાન સુધી ન પહોંચે. નિરાશાવાદી, કટાક્ષી કે હતાશ ગણાવવાનું જોખમ હોવા છતાં હું એટલું જરૂર કહું છું કે ભારતના બે સૌથી શક્તિશાળી પુરુષો માટે દેશનું લાંબા ગાળાનું આર્થિક સ્વાસ્થ્ય હાલમાં કોઈ પ્રાથમિકતા હોય એવું લાગતું નથી.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### 21 જૂન : આંતરરાષ્ટ્રિય યોગ દિવસ

આજકાલ હેલ્થ અવેરનેસ વધી છે. તેથી યોગનું મહત્વ પણ વધ્યું છે. યોગ શબ્દ મૂળ ધાતુ ચુબં પરથી આવ્યો છે. યુજ એટલે જોડવું. યોગ શરીરને આત્મા સાથે જોડે છે. 27 સપ્ટે 2014 ના રોજ આપણા વ.પ્ર.મોદીજીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યોગ દિવસની દરખાસ્ત મૂકી હતી. ત્યારબાદ યુનાઈટેડ નેશન્સે 21 જૂનને '' આંતરરાષ્ટ્રિય યોગ દિવસ '' તરીકે માન્યતા આપી હતી. 21 જૂન એટલા માટે કારણકે આ વર્ષનો સૌથી લાંબો દિવસ છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય યોગના શારીરિક,માનસિક અને આધ્યાત્મિક લાભો વીશે વિશ્વભરમાં જાગૃતિ ફેલાવવાનો છે. યોગ શરીર અને મનને સ્વસ્થ રાખે છે, તણાવ (STRESS) ઘટાડે છે, અને એકાગ્રતા વધારે છે. જીવનશૈલીને (LIFESTYLE) સંતુલિત અને સ્વસ્થ બનાવે છે. યોગ ભારતની પ્રાચીન પરંપરા છે, જે શરીર - મન અને આત્માને સંતુલિત કરે છે. યોગ માત્ર એક કસરત નથી, પરંતુ સ્વસ્થ અને સુખી, જીવન જીવવાની એક પધ્ધતિ છે.

હિન્દુ દંતકથા અનુસાર ભગવાન શિવને યોગના પ્રણેતા ગણવામાં આવે છે. શિવજીને પ્રથમ યોગી હોવાનું કહેવાય છે. સપ્તર્ષિઓ શિવ પાસે યોગ શીખીને યોગને લોકો સુધી લાવ્યા. પરંતુ ઘણા વિદ્વાનોના મતાનુસાર મહર્ષિ પતંજલિને યોગને વૈજ્ઞાનિક રીતે આઠ ભાગમાં વહેંચ્યા છે. જેને અષ્ટાંગ યોગ કહેવાય છે. ટુંકમાં યોગ - આસન - પ્રાણાયમ - ધ્યાન શરીર અને મનને સ્વસ્થ રાખે છે. લોકોની માનસિક ચિંતા, તણાવ તથા ડીપ્રેશનમાં રાહત મેળવવા માટે એક સરળ - સહજ અને અમૂલ્ય ઉપાય છે!

**સુરત - કિરીટ એન ડુમસિયા**

### જ્ઞાન સહાયકનાં ભરતીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં સર્વરનાં ધાંધિયા

ભારતમાં બેરોજગારીએ માંઝા મૂકી છે. સુરત શુભ વાટિકા ડિંડોલી સામે આવેલ SMC શાળામાં આયોજન તંત્રે એ કર્યું હતું. તમામ વિષયના Tet પાસ ઉમેદવાર ભેગા બોલાવી નાગરિકોને પરેશાન કર્યા હતા. સર્વર બંધ હોય તે સાથે આવી ગરમીમાં ભાવિ શિક્ષકોએ બંધ રૂમમાં ત્રાહિત થયા હતા. ઘણા વિલા મોઢે પરત થયા હતા. ઘણા નાના બાળકો સાથે આવ્યા હતા. જિલ્લા માંથી તંત્રએ સર્વર સેટ કર્યું હોય તેનું આખું મેનેજમેન્ટ ગાંધીનગરથી થાય છતાં મરણ ગતિ એ જ્ઞાન સહાયક ડોક્યુમેન્ટ વેરિફિકેશન જેમાં ઘણા હેરાન થઈને જતાં રહ્યા હતા. જો ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ અને યુદ્ધની પરિસ્થિતિ છે. ત્યાંથી તેલ લાવવા માટે મુશ્કેલી હોય શકે. વાહન વ્યવહાર મંદ કહી શકાય પણ પોતાના રાજ્યમાં એક કોલથી સંપૂર્ણ પરિસ્થિતિનો તાગ મેળવી શકાય છતાં તંત્રની લાપરવહીનું કારણ મુખ્ય એસઆરામ કરતાં ચૂંટાયેલા નેતાઓ ક્યારે ઊંઘ માંથી બહાર આવશે. માંડ અર્ધો કલાક કામ થાય ત્યાં ફરી ઓનલાઈન કામગીરીની હવાત્યાં ક્યાં જશે વિશ્વાસનો ગુરુ AI હબનાં નામે પોલમ પોળ ગુજરાત? શું મોડેલ ગુજરાતીઓ સાચી ઓળખ આવી રીતે કરશે.ગુજરાતીઓ ચાદર માંથી પગ બહાર ક્યારે કાઢશે.

**સુરત - હરીશકુમાર ચૌધરી**

### વૈશ્વિક વાણિજ્યનું નવું શિખર બનતું આપણું 'યોગાનોમિક્સ'

એક સમયે માત્ર આધ્યાત્મિક સાધના ગણાતો 'યોગ' આજે ૨૧મી સદીમાં વૈશ્વિક બજારને હચમચાવનારી એક સંગઠિત અર્થવ્યવસ્થા (યોગાનોમિક્સ) બની ચૂક્યો છે, તે જાણીને આનંદ થયો. સનાતન વિચારધારા 'વસુધૈવ કુટુંબકમ્' ના ભાવ સાથે ભારતે વિશ્વને આપેલી આ અમૂલ્ય ભેટ આજે વૈશ્વિક સ્તરે અબજો ડૉલરની ઇન્ડસ્ટ્રી બની ગઈ છે. 'યોગા ફોર હેલ્ધી એજિંગ' થી વધતી વયના નાગરિકોમાં નિરોગી દીર્ઘાયુષ્ય માટે યોગ એક અકસીર માધ્યમ બન્યો છે, જે સિલ્વર ઇકોનોમીના ભાગરૂપે ભારતમાં જ આશરે ૭૩,૦૦૦ કરોડનું કદ ધરાવે છે. આર્થિક તેજી અને રોજગારીની દ્રષ્ટિએ જોઈએ તો વૈશ્વિક સ્તરે યોગ અને મેડિટેશન સર્વિસ સેક્ટર વર્ષ ૨૦૩૫ સુધીમાં ૫૧૫.૨ અબજ ડૉલર થવાનો અંદાજ છે. બીજી તરફ, કોર્પોરેટ તણાવ અને માનસિક થાકથી બચવા માટે આજની નવી પેઢી એટલે કે મિલેનિયલ્સ અને જેન-એક્સ નાગરિકો પણ યોગને એક અનિવાર્ય લાઈફ-સ્ટાઈલ તરીકે અપનાવી રહ્યા છે. આવા સમયે આયુષ મંત્રાલય દ્વારા દેશના ચાર પ્રખ્યાત કેન્દ્રોને 'સ્પોટ વેલનેસ' જાહેર કરવા અને અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી ડિજિટલ પ્લેટફોર્મ 'યોગ ઉદય' લોન્ચ કરવા જેવા સરકારી પગલાંઓ ખૂબ જ સરાહનીય છે. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવનારો આ વિષય આજે લોકોના હૃદયને ધબકતું રાખવાની સાથે વૈશ્વિક વાણિજ્ય જગતનું પણ નવું શિખર બની ગયો છે.

**સુરત - નેહા સિંગાપુરી**

### સરકારી એજન્સીઓનો દુરુપયોગ?

હમણાં પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને મળેલી ભવ્ય જીત અને તે પછી તૃણમૂલ કોંગ્રેસમાંથી જે સાંસદોના રાજીનામાં આપી બીજી પાર્ટીમાં જોડાય ગયા અને હમણાં રાજ્યસભાની ચૂટણીઓમાં જે રીતે ભાજપનો વિજય થયો તે જોતાં દેશના વિરોધપક્ષના કેટલાક નેતાઓ, બુદ્ધિજીવીઓ, લેખકો, સાહિત્યકારો આજે ભાજપની એ વાતે ટીકા કરી રહ્યા છે કે, તેઓ સત્તા, ધન અને સરકારી એજન્સીઓના આધારે ચૂંટણીઓ જીતી રહ્યા છે, વિરોધ પક્ષોના સાંસદોને તેઓ ડરાવીને ખરીદી રહ્યા છે. ભાજપ ધન, સત્તા અને સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. આ બધા મારી એક વાતનો જવાબ આપે કે, શું મોદી જ્યારે ગુજરાતનાં મુખ્યમંત્રીની હતા ત્યારે ગાંધીનગરમાં બાર-બાર કલાક સુધી પૂછપરછ થઈ હતી. શું આ સરકારી એજન્સીઓનો દુરુપયોગ નહોતો? છતાય મોદીએ સરકારી એજન્સીઓને પૂરો સહયોગ કર્યો હતો કે નહીં? જ્યારે અમિત શાહ ગુજરાતના ગૃહમંત્રી હતા ત્યારે તેમણે જેલમાં રાખીને હેરાન કરવામાં આવેલા, જ્યારે ઉધ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા ત્યારે અર્ણવ ગોસ્વામી, સુનયના હોલે અને સમિત ઠક્કરની ધરપકડ કરીને જેલમાં પૂરેલા ત્યારે ઉધ્ધવ ઠાકરેને કોઈએ કહેલું આ તો સત્તાનો દુરુપયોગ છે? જ્યારે ઉધ્ધવ ઠાકરેએ કંગના રાણાવતની ઓફિસ તોડી પાડેલી ત્યારે તમારું ડહાપણ ક્યાં બેઠું હતું? ત્યારે બધાને સરકારી એજન્સીઓનો અત્યાચાર નહોતો દેખાયો?

**બારડોલી - કેદાર રાજપૂત**

### કોલ ગેસિફિકેશન યોજના

ભારત સરકાર દ્વારા ઊર્જા સુરક્ષા અને ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા માટે ૩૭,૫૦૦ કરોડની કોલ ગેસિફિકેશન યોજનાને મંજૂરી આપવામાં આવી છે, જે દેશના વિકાસ માટે એક સીમાચિહ્નરૂપ પગલું છે. ભારત વિશ્વમાં સૌથી વધુ કોલસાના ભંડાર ધરાવતા દેશોમાં સામેલ છે, જે અંદાજે ૩૮૯ અબજ ટન જેટલો છે. અત્યાર સુધી દેશની ૩૭% થી વધુ વીજળી કોલસા આધારિત પ્લાન્ટ્સમાંથી આવે છે. આ ગેસનો ઉપયોગ ખાતર, મિથેનોલ, એમોનિયા અને અન્ય સિન્થેટિક ઈંધણ બનાવવા માટે થશે. સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ કરોડ ટન કોલ ગેસિફિકેશન ક્ષમતા ઊભી કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ યોજના હેઠળ નવા પ્રોજેક્ટ્સને પ્લાન્ટ અને મશીનરીના ખર્ચના ૨૦% સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે, જેનાથી ૨.૫ થી ૩ ટ્રિલિયનનું રોકાણ આકર્ષાય તેવી અને અંદાજે ૫૦,૦૦૦ નવી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. ચીન અત્યારે આ ક્ષેત્રમાં મોખરે છે, જ્યાં તે તેના ૬૦% એમોનિયા ઉત્પાદન માટે કોલ ગેસિફિકેશન પર આધાર રાખે છે. અંતે, ભારતની આ વ્યુહરચના માત્ર ઊર્જા નિર્ભરતા ઘટાડવા પૂરતી નથી, પરંતુ તે દેશના ઔદ્યોગિક ક્ષેત્રને વધુ સ્પર્ધાત્મક બનાવવા અને આયાત બિલમાં જંગી ઘટાડો કરીને રૂપિયાને મજબૂત રાખવા માટેનું એક શક્તિશાળી સાધન બની રહેશે. જો આ યોજનાનું અમલીકરણ સફળ રહેશે, તો તે ભારતના ઊર્જા ક્ષેત્રમાં ખરેખર ક્રાંતિકારી પરિવર્તન લાવશે.

**સુરત - ડૉ. પંકજ જે. ગાંધી**